## અનુસંધાન... પાના પહેલાનું

### આસામમાં વાયુસેનાનું...

ઈન્ક્વાયરી'ની રચના કરવામાં આવી છે. વાયુસેનાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ભારતીય વાયુસેના અસમના જોરહાટમાં થયેલા એન-૩૨ અકસ્માતમાં પાંચ જવાનોના નિધન પર ઊંડો શોક વ્યક્ત કરે છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, રનવે પર ટચડાઉન કરતી વખતે વિમાને નિયંત્રણ ગુમાવ્યું હતું અને તે રનવે પરથી લપસી ગયું હતું. ત્યારબાદ વિમાન સમાંતર ટેક્સીવે તરફ ધસી ગયું હતું અને તેના બે ટુકડા થઈ ગયા હતા અને અગનજ્વાળાઓમાં લપેટાઇ ગયું હતું. AN 32 એ સોવિયત ડિઝાઇનનું બે એન્જિન વાળું ટર્બોપ્રોપ ટ્રાન્સપોર્ટ વિમાન છે. એએન-૩૨ વિમાનો દાયકાઓથી ભારતીય વાયુસેનામાં એક ભરોસાપાત્ર 'વર્કહોર્સ' તરીકે સેવા આપી રહ્યા છે, જે જવાનોને લાવવા-લઈ જવાનું અને વિશ્વના કેટલાક સૌથી દુર્ગમ વિસ્તારોમાં જીવનજરૂરી પુરવઠો પહોંચાડવાનું કામ કરે છે. આ વિમાનોની ઓપરેશનલ લાઈફ વધારવા માટે તેના કાફલામાં અત્યાર સુધીમાં ઘણી વખત અપગ્રેડેશન કરવામાં આવ્યું છે. જો કે, ભારતીય વાયુસેના લાંબા સમયથી પરિવહન વિમાનોના આ જૂના થઈ રહેલા કાફલાને બદલવાનું વિચારી રહી છે.

### ઓમાન ખાડીમાં...

ભારતીય ખલાસીઓ માર્યા ગયા હતા, તે અંગે મેં ભારતનો ઉગ્ર વિરોધ પુનરાવર્તિત કર્યો હતો. જયશંકરે કહ્યું કે, કોમર્શિયલ શિપિંગ સામે આવી ઘાતક કાર્યવાહી કોઈપણ રીતે વાજબી નથી. બીજી બાજુ આ વાતચીત અંગે વૉશિંગ્ટનથી મળતો અહેવાલ જણાવે છે કે અમેરિકાએ શનિવારે ભારતને સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું છે કે હોર્મુઝની સામુદ્રધુનીમાં તેની નાકાબંધીનું કોઈપણ ઉલ્લંઘન અને ઈરાની તેલનું ગેરકાયદેસર પરિવહન સહન કરવામાં આવશે નહીં. અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર સાથેની વાતચીતમાં આ વાત કહી હતી. શનિવારે જયશંકરે રુબિયો સાથે ફોન પર વાત કરીને ઓમાનના દરિયાકાંઠે જહાજો પર અમેરિકી હુમલામાં ભારતીય નાગરિકોના મોતના મામલે સખત વિરોધ નોંધાવ્યો હતો. અમેરિકી વિદેશ વિભાગના પ્રવક્તા ટોમી પિગોટે જણાવ્યું હતું કે, વિદેશ મંત્રીએ એ વાત પર ભાર મૂક્યો હતો કે તમામ વ્યાપારી જહાજોએ તાત્કાલિક અમેરિકન દળોના આદેશોનું પાલન કરવું જોઈએ, કારણ કે તેઓ હોર્મુઝની સામુદ્રધુનીમાં શાંતિ અને સુરક્ષા જાળવી રાખવાનો પ્રયાસ કરી રહ્યા છે.

### ફ્રાન્સમાં G-7ના...

ગયા વર્ષે ફેબ્રુઆરીમાં વોશિંગ્ટન ખાતે મળેલી બેઠક બાદ બંને નેતાઓ વચ્ચેની આ પ્રથમ મુલાકાત હશે. આ મુલાકાત એવા સમયે યોજાઈ રહી છે જ્યારે હોર્મુઝની સામુદ્રધુનીમાં અમેરિકી નૌકાદળ દ્વારા નિશાન બનાવવામાં આવેલા કોમર્શિયલ જહાજો પર ભારતીય નાવિકોના મોતના મામલે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. 'ઓપરેશન સિંદૂર' અને નવી દિલ્હી પર ભારે ટેરિફ લાદવાના વોશિંગ્ટનના નિર્ણય બાદ ભારત-અમેરિકાના સંબંધોમાં આવેલા ખટાશ પછી ટ્રમ્પ અને મોદી વચ્ચેની આ પ્રથમ રૂબરૂ મુલાકાત હશે. બંને નેતાઓ વચ્ચે તાજેતરમાં ફોન પર પણ બે વખત વાતચીત થઈ છે અને ફેબ્રુઆરીમાં વચગાળાના દ્વિપક્ષીય વેપાર કરારના માળખા પર પણ સહમતિ સધાઈ હતી, જે અંગે હાલમાં વાટાઘાટો ચાલી રહી છે. અમેરિકાના મીડિયા આઉટલેટ 'પોલિટિકો'ના જણાવ્યા અનુસાર, ટ્રમ્પ મંગળવારે કતારના અમીર શેખ તમીમ બિન હમાદ અલ થાની અને સંયુક્ત આરબ અમીરાત (UAE)ના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન જાયદ અલ નાહયાન સાથે મુલાકાત કરશે. મોદી શનિવારે ફ્રાન્સ અને સ્લોવાકિયાની સપ્તાહ લાંબી મુલાકાતે રવાના થયા છે, જે દરમિયાન તેઓ G7 સમિટમાં ભાગ લેશે અને વૈશ્વિક નેતાઓ સાથે દ્વિપક્ષીય અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરશે. મોદી આજે પ્રવાસે રવાના થઈ ગયા હતા.

### મોદી ફ્રાન્સ અને...

સ્લોવાકિયાની તેમની સપ્તાહ લાંબી મુલાકાત, જે દરમિયાન તેઓ આ સમિટમાં ભાગ લેશે, માટે રવાના થતા પહેલા આપેલા નિવેદનમાં, મોદીએ કહ્યું કે G7માં ભારતની હાજરી તેના ભાગીદાર દેશો દ્વારા ભારતમાં મૂકવામાં આવેલા વિશ્વાસ અને તેની વધી રહેલી વૈશ્વિક પ્રતિષ્ઠાને દર્શાવે છે. તેમણે કહ્યું, આ સતત ૮મી G7 સમિટ છે જેમાં ભારતને આમંત્રિત કરવામાં આવ્યું છે. G7માં ભારત માત્ર પોતાની જ નહીં, પરંતુ ગ્લોબલ સાઉથની આકાંક્ષાઓને પણ વાચા આપશે. G7 સમિટ ૧૬ અને ૧૭ જૂનના રોજ ફ્રાન્સના ઇવિયન ખાતે યોજાશે. મોદીએ જણાવ્યું હતું કે, મને વિશ્વાસ છે કે ફ્રાન્સ અને સ્લોવાક રિપબ્લિકની મારી મુલાકાતો યુરોપ અને G7 બંને સાથે ભારતના ગાઢ બની રહેલા જોડાણને વધુ મજબૂત કરશે, અને આ ખંડ તેમજ તેનાથી આગળ અમારી ભાગીદારીની ક્ષિતિજોને વિસ્તારવા માટેની અમારી અડગ પ્રતિબદ્ધતાને પ્રદર્શિત કરશે. વડાપ્રધાને જણાવ્યું હતું કે ભારતના વ્યૂહાત્મક દ્રષ્ટિકોણમાં ફ્રાન્સ એક વિશેષ સ્થાન ધરાવે છે, જ્યારે સ્લોવાકિયાની તેમની મુલાકાત – ૧૯૯૩માં તે દેશની આઝાદી પછી કોઈ ભારતીય વડાપ્રધાનની આ પ્રથમ મુલાકાત હશે. વડાપ્રધાને કહ્યું કે તેઓ ૧૪ જૂનના રોજ નાઇસ ખાતે ફ્રેન્ચ પ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોન સાથે મળીને 'ભારત ઇનોવેટ્સ'નું ઉદ્ઘાટન કરવા માટે આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.ફ્રાન્સથી મોદી ૧૪-૧૫ જૂનના રોજ સત્તાવાર મુલાકાત માટે સ્લોવાકિયા જશે, જ્યાં તેઓ બ્રાતિસ્લાવા ખાતે પ્રમુખ પીટર પેલેગ્રીની અને વડાપ્રધાન રોબર્ટ ફિકો સાથે વાતચીત કરશે તેમજ વ્યાપારી અગ્રણીઓ સાથે મુલાકાત કરશે. ત્યારબાદ મોદી G7 સમિટમાં ભાગ લેવા માટે ઇવિયન જશે, અને ૧૮ જૂને પેરિસમાં તેમની ફ્રાન્સ મુલાકાત પૂર્ણ કરશે, જ્યાં તેઓ પ્રમુખ મેક્રોનની સાથે 'વિવાટેક ૨૦૨૬'માં હાજરી આપશે.

### ઇરાન સાથે આજે...

દાવો કર્યો હતો કે ઈરાનનો પરમાણુ કાર્યક્રમ અસરકારક રીતે નિષ્ક્રિય કરી દેવામાં આવ્યો છે અને બાકી બચેલી પરમાણુ સામગ્રીનો નિકાલ પછીના તબક્કામાં કરવામાં આવશે.

### G-7માં ટ્રમ્પ...

બાદ આ મહત્વપૂર્ણ જળમાર્ગમાંથી સુરંગો હટાવવામાં મદદ કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. વ્હાઇટ હાઉસ દ્વારા નક્કી કરાયેલા નિયમોના આધારે નામ ન આપવાની શરતે પત્રકારોને માહિતી આપતાં અધિકારીએ જણાવ્યું હતું કે, ટ્રમ્પ ઈરાન યુદ્ધને શાંત કરવાના પ્રયાસો અંગે ચર્ચા કરવા માટે સમિટની સાઇડ લાઇન પર ઇજિપ્ત, કતાર અને સંયુક્ત આરબ અમીરાત (UAE)ના નેતાઓ સાથે મુલાકાત કરવાનું પણ આયોજન કરી રહ્યા છે. આ સમિટ સોમવારથી શરૂ થઈ રહી છે.

## SBI | સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયા

અધિકૃત અધિકારીની વિગતો: મોબાઇલ નં.: ૯૮૯૨૮૩૪૪૬૦
લેન્ડલાઇન નં. (ઑફિસ): ૦૨૨-૪૧૬૧૧૪૧૭ સી.ઓ. મોબાઇલ નં.: ૯૮૨૨૪૭૨૮૫૦

શાખા - સ્ટ્રેસ્ડ એસેટ્સ મેનેજમેન્ટ બ્રાન્ચ – II
રહેજા ચેમ્બર્સ, ગ્રાઉન્ડ ફ્લોર, વિંગ – B, ફ્રી પ્રેસ જર્નલ માર્ગ, નરીમાન પોઇન્ટ, મુંબઈ – ૪૦૦૦૨૧
ટેલિફોન નં.: ૦૨૨-૪૧૬૧૧૪૨૩ ઈ-મેલ આઈડી: team4.15859@sbi.co.in

**એપેન્ડિક્સ – IV – A [રૂલ ૮(૬) ની જોગવાઈ અનુસાર] અચળ મિલ્કતોના વેચાણ અંગેની જાહેર નોટિસ**

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઑફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ તથા સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮(૬) ની જોગવાઈઓ હેઠળ અચળ મિલ્કતોના વેચાણ માટે ઈ-હરાજીની વેચાણ નોટિસ

આથી સામાન્ય જનતાને અને ખાસ કરીને ઉધાર લેનાર(ઓ) તથા ગેરંટર(ઓ) ને જાણ કરવામાં આવે છે કે નીચે વર્ણવેલ અચળ મિલ્કત, જે સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયા પાસે સુરક્ષિત લેણદાર તરીકે ગીર્વે રાખવામાં આવેલી/ચાર્જ કરવામાં આવેલી છે અને જેનો ભૌતિક કબજો સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયાના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તે સુરક્ષિત લેણદાર દ્વારા "જ્યાં છે તેવી સ્થિતિમાં", "જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં" અને "જે કંઈ ઉપલબ્ધ છે તે સ્થિતિમાં" ના ધોરણે ૦૨.૦૭.૨૦૨૬ ના રોજ વેચવામાં આવશે.બેંકના બાકી લેણાંની વસૂલાત માટે ગીર્વે રાખવામાં આવેલી મિલ્કત(ઓ) ની ઈ-હરાજી (સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ) નીચે દર્શાવેલ શરતો અને નિયમો અનુસાર યોજવામાં આવશે.

| ઉધાર લેનાર(ઓ)નું નામ | ગેરંટર(ઓ)નું નામ | જેની વસૂલાત માટે મિલ્કત(ઓ) વેચવામાં આવી રહી છે તે બાકી લેણાં |
|---|---|---|
| **મેસર્સ સત્યમ એક્ઝિમટેક્સ ઇન્ટરનેશનલ પ્રાઇવેટ લિમિટેડ** ૧૦૯-એલ૧, ધ સમિટ બિઝનેસ બે, સમર્થ નગર, હનુમાન રોડ, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે, વિલે પાર્લે (પૂર્વ), મુંબઈ – ૪૦૦૦૫૭. | **વ્યક્તિગત ગેરંટરઓ** ૧. શ્રી અરવિંદ ઓમપ્રકાશ વર્મા ૨. શ્રીમતી સરલા રાજકુમાર વર્મા | રૂ. ૩૯,૧૧,૬૬,૨૨૨.૦૦ (૩૦.૧૨.૨૦૧૮ ના રોજ બાકી) + તે તારીખથી લાગુ પડતું વ્યાજ + ખર્ચ અને અન્ય ચાર્જિસ, તા. ૩૦.૧૨.૨૦૧૮ થી (જો કોઈ રોકડ વસૂલાત થઈ હોય તો તે બાદ કરીને). |

| દસ્તાવેજમાં મિલ્કત ધારકોના નામ | મિલ્કતનું વર્ણન | ઈ-હરાજીની તારીખ અને સમય | રિઝર્વ પ્રાઇસ અને EMD ની વિગતો | મિલ્કત નિરીક્ષણની તારીખ અને સમય |
|---|---|---|---|---|
| **શ્રી અરવિંદ ઓમપ્રકાશ વર્મા** (મેસર્સ સત્યમ એક્ઝિમટેક્સ ઇન્ટરનેશનલ પ્રા. લિ.ના વ્યક્તિગત ગેરંટર) | રેવન્યુ સર્વે નં. ૧૫૨/૧, બ્લોક નં. ૧૨૦, ગામ: મોટા બોરસરા, તાલુકો: માંગરોળ, જિલ્લો: સુરત, ગુજરાત – ૩૯૪૧૧૦ ખાતે આવેલી, પ્લોટ નં. ૩ અને પ્લોટ નં. ૪ ધરાવતી કુલ ૪૯૬૦ ચોરસ મીટર જમીન તથા તેના પર આવેલી ૫૮૦૮ ચોરસ મીટર બાંધકામ ધરાવતી મિલ્કત, જે શ્રી અરવિંદ ઓમપ્રકાશ વર્માના નામે નોંધાયેલ છે. | **તારીખ: ૦૨.૦૭.૨૦૨૬ સમય: સવારે ૧૧:૦૦ થી સાંજે ૪:૦૦ વાગ્યા સુધી દરેક વખતે ૧૦ મિનિટના અમર્યાદિત વિસ્તરણ સાથે** | રિઝર્વ પ્રાઇસ: રૂ. ૮.૬૨ કરોડ (જેની નીચે મિલ્કતનું વેચાણ કરવામાં આવશે નહીં)<br>બયાના રકમ (EMD): રિઝર્વ પ્રાઇસના ૧૦% મુજબ અર્થાત્ રૂ. ૮૬,૨૦,૦૦૦.૦૦<br>બિડ વધારાની રકમ: રૂ. ૧૦,૦૦૦/- | ૧૭.૦૬.૨૦૨૬ સવારે ૧૧:૦૦ થી સાંજે ૪:૦૦ વાગ્યા સુધી |

**નોંધ:** આ ઈ-હરાજી "જ્યાં છે તેવી સ્થિતિમાં", "જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં" અને "જે કંઈ ઉપલબ્ધ છે તે સ્થિતિમાં" ના ધોરણે યોજવામાં આવી રહી છે.
અધિકૃત અધિકારીની જાણ મુજબ મિલ્કત ઉપર કોઈ બોજો (Encumbrance) જાણમાં નથી. તેમ છતાં, હરાજીમાં ભાગ લેવા ઇચ્છુક બોલીદારોને મિલ્કત ઉપર કોઈ બોજો કે અન્ય કાનૂની જવાબદારીઓ અંગે સંબંધિત કચેરીઓ/સરકારી વિભાગોમાંથી પોતાની જાતે તપાસ અને જરૂરી ચકાસણી (Due Diligence) કરવાની રહેશે.
તમામ કાયદેસરના તથા બિન-કાયદેસરના બાકી લેણાં, સોસાયટી મેન્ટેનન્સ ચાર્જિસ, MSEDCL ના બિલો, મિલ્કત વેરો, દરો, આકારણીઓ, ચાર્જિસ, ફી વગેરે, જે કોઈપણ સત્તાધિકારી અથવા વ્યક્તિને ચૂકવવાના બાકી હોય, તેની સંપૂર્ણ જવાબદારી માત્ર સફળ બોલીદારની રહેશે.
સફળ બોલીદારે અગાઉ જમા કરાવેલી EMD ની રકમને સમાયોજિત કર્યા બાદ વેચાણ કિંમતના બાકીના ૨૫% ની રકમ, અધિકૃત અધિકારી દ્વારા ઓફર સ્વીકારવામાં આવ્યા પછી તરત જ, એટલે કે તે જ દિવસે અથવા વધુમાં વધુ આગામી કાર્યકારી દિવસે જમા કરાવવાની રહેશે. જો આમ કરવામાં નિષ્ફળતા રહેશે તો બોલીદાર દ્વારા જમા કરાવેલ બયાનાની રકમ (EMD) જપ્ત કરવામાં આવશે.
વેચાણ કિંમતની બાકીની ૭૫% રકમ સુરક્ષિત સંપત્તિના વેચાણની પુષ્ટિ થયાની તારીખથી ૧૫મા દિવસે અથવા સુરક્ષિત લેણદાર અને ઈ-હરાજી ખરીદદાર વચ્ચે લેખિતમાં થયેલા કરાર મુજબ વધારાના સમયગાળામાં ચૂકવવાની રહેશે, પરંતુ તે સમયગાળો ઈ-હરાજીની તારીખથી ત્રણ મહિનાથી વધુનો રહેશે નહીં.
વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે સુરક્ષિત લેણદાર સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયા ની વેબસાઇટ https://sbi.bank.in તથા PSB Alliance ની ઈ-હરાજી વેબસાઇટ https://baanknet.com પર ઉપલબ્ધ લિંકનો સંદર્ભ લેવા વિનંતી.

| બેંકની વેબસાઇટ https://sbi.bank.in | ઈ-હરાજીની વેબસાઇટ - https://baanknet.com/eauction-psb/eauction/ |
|---|---|

| મિલ્કત આઈડી નં. | મિલ્કતનું સ્થાન | મિલ્કતના વિડિયો / ફોટોગ્રાફ્સ | મિલ્કતની વિશેષતાઓ (USP) |
|---|---|---|---|
| SBIN200032360550 | | | |

**સરફેસી એક્ટ હેઠળ કાયદેસરની ૧૫ દિવસની વેચાણ નોટિસ**

ઉધાર લેનાર(ઓ) / ગેરંટર(ઓ) ને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮(૬) ની જોગવાઈ મુજબ જરૂરી એવી તા. ૦૪.૦૬.૨૦૨૬ ની નોટિસ આપવામાં આવી છે.

તારીખ: ૧૪.૦૬.૨૦૨૬
સ્થળ: મુંબઈ

સહી/-
અધિકૃત અધિકારી, સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયા

## અનુસંધાન... પાના છેલ્લાનું

### ડિમોલિશનના...

હકીકતો છુપાવવામાં આવી રહી છે તે જોતાં હવે હાઈકોર્ટનો જ સહારો છે. નાસીરનગરમાં રસ્તારેખાની લાઈનદોરીના નામે મનપા અને પોલીસની હાજરીમાં 107 પરિવારોના મકાનો તોડી પાડીને તેમને બેઘર કરી દેવામાં આવ્યા હતા. મનપા અને પોલીસ દ્વારા હાથ ઉંચા કરી દેવામાં આવતાં આ ભૂતિયા ડિમોલિશન પાછળ કોનો હાથ છે તે રહસ્ય રહી જવા પામ્યું છે. બિલ્ડરો દ્વારા સોપારી આપીને મકાનો તોડી પાડવામાં આવ્યા હોવાના આક્ષેપોની વચ્ચે ખુદ બિલ્ડરો દ્વારા પણ ડિમોલિશન કરી દેવામાં આવ્યું હોવાનું કહેવાઈ રહ્યું છે. કોના દ્વારા ડિમોલિશન કરાયું તેની કોઈ જ સ્પષ્ટતા નહીં કરવામાં આવતા આ ભૂતિયા ડિમોલિશનનો વિવાદ ભારે વકર્યો છે. મનપા કમિ. દ્વારા તપાસ કમિટીની રચના કરવામાં આવી છે ત્યારે તપાસ કમિટીએ પણ હજુ સુધી મગનું નામ મરી પાડ્યું નથી. આ સંજોગોમાં હવે નાસીર નગર ઝુંપડપટ્ટીમાં વસવાટ કરતાં અને નિરાશ્રિત બનેલા 107 પરિવારોએ ન્યાય માટે હાઈકોર્ટનો દરવાજો ખખડાવવા માટે મન મક્કમ કર્યું છે. આગામી સોમવારનાં રોજ અસરગ્રસ્ત પરિવારો દ્વારા હાઈકોર્ટમાં ન્યાય માટેની લડત શરૂ કરવામાં આવશે.

## મનપા દ્વારા અસરગ્રસ્તોને ડોક્યુમેન્ટ્સ આપવામાં આવી રહ્યા નહીં હોવાનો કોર્પોરેટરનો આક્ષેપ

સ્થાનિક કોર્પોરેટર અર્શદ જરીવાલાએ જણાવ્યું હતું કે, ડિમોલીશન પ્રક્રિયાનાં બીજા જ દિવસે તેઓએ મહાનગર પાલિકાનાં વહીવટી તંત્ર સમક્ષ ડિમોલીશન પ્રક્રિયા અંગે વિરોધ નોંધાવ્યો હતો અને જે મકાનોનું ડિમોલીશન કરવામાં આવ્યું છે તે સંદર્ભે જરૂરી ડોક્યુમેન્ટ્સ માંગવામાં આવ્યા હતા. જેમાં નાસિર નગર ઝુંપડપટ્ટીનો સર્વે, જીઆઈએસ મેપિંગ, નોટિસ અને કાયદાકીય કાર્યવાહી સહિત ટાઉન પ્લાનિંગ વિભાગમાં નાસિર નગર ઝુંપડપટ્ટી તથા પાલિકા એલિગેન્સ પ્રોજેક્ટને આવરી લેતાં રોડ લાઈન પ્લાન, રિઝર્વેશન પ્લાન સહિતનાં ડોક્યુમેન્ટની માંગણી કરવામાં આવી હતી. જો કે, 10 દિવસથી વધુ સમય બાદ પણ મનપા દ્વારા પુરા ડોક્યુમેન્ટ્સ આપવામાં ઠાગાઠૈયા કરવામાં આવી રહ્યા છે.

### ડિમોલિશન સુરત...

ડિમોલિશન કર્યું હોઈ શકે અને નીતિ-નિયમોને આધીન જ ડિમોલિશન થયું હોઈ શકે છે. મંત્રી પ્રફુલ પાનશેરીયાએ કરેલા નિવેદને ભૂતિયા ડિમોલિશનના વિવાદમાં નવા વમળો ઉભા કર્યા છે. એક તરફ ડિમોલિશન કોણે કરાવ્યું તેની અનેક અટકળો ચાલી રહી છે ત્યારે મંત્રી પ્રફુલ પાનશેરિયાના નિવેદનને નવી હલચલ ઉભી કરી છે. આગામી દિવસોમાં હવે આ મામલે શું થાય છે તે જોવું રહ્યું!

### ભૂતિયું ડિમોલિશન...

રજૂ કરવા માટે આદેશ કરવામાં આવ્યો છે. જોકે, આશિષ નાયક દ્વારા શનિવાર સુધીમાં વિગતો રજૂ કરવામાં આવી નથી પરંતુ સમિતી દ્વારા તા.16મી સુધીમાં તમામ અહેવાલ આપી દેવા માટે આદેશ કરાયો હોવાથી હવે તા.16મી સુધીમાં આ ડિમોલિશન મામલે સ્પષ્ટતા થઈ જશે તેવું મનાઈ રહ્યું છે. જોકે, જે રીતે ડિમોલિશનનો ખેલ થયો અને તેમાં બિલ્ડરોની સાથે મનપા પણ સંકળાયેલી છે તે જોતાં તપાસ સમિતી પણ સત્ય શોધી શકશે કે તેમ અંગે પ્રશ્ન છે? આ ભૂતિયા ડિમોલિશનમાં મોટા માથાઓ સંડોવાયેલા હોવાની આશંકાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે ત્યારે ખરેખર ષડયંત્રકારો બહાર આવશે કે કેમ? તે જોવું રહ્યું

### કમિ. દિલ્હી...

કમિ. એમ. નાગરાજને જણાવ્યું હતું કે, તેમને નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ અર્બન અફેર્સ દ્વારા ગત તા.19મી મેના રોજ આમંત્રણ મોકલવામાં આવ્યું હતું.

### ઉકળાટથી સુરતીઓ...

મુજબ શહેરમાં હવામાં 69 ટકા ભેજ નોંધાયો હતો. સાથે જ દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી 16 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાયો હતો. સામાન્ય રીતે ઝડપી પવનોને કારણે ગરમીમાં રાહત મળતી હોય છે, પરંતુ ભેજયુક્ત હવાને કારણે ઉકળાટમાં ખાસ ઘટાડો નોંધાયો નહોતો. પરિણામે લોકો દિવસભર પરસેવાથી તરબતર થયા હતા અને બહાર નીકળતા લોકોને ગરમી તથા ભેજનો સામનો કરવો પડ્યો હતો. દિવસભર આકાશમાં વાદળોની અવરજવર જોવા મળી હતી, જેના કારણે સીધા તડકાની તીવ્રતા ઓછી રહી હતી. તેમ છતાં વાતાવરણમાં રહેલી ભેજના કારણે ગરમીનો અનુભવ વધુ થયો હતો. શહેરના અનેક વિસ્તારોમાં લોકો ઉકળાટને કારણે અસ્વસ્થતા અનુભવતા જોવા મળ્યા હતા.

### નકલી વર્ક...

તાત્કાલિક ભારત પરત જવા આદેશ કર્યો હતો. વોર્સો એરપોર્ટ પરથી સંદીપભાઈએ એજન્ટ નિલેશને વોટ્સએપ કોલ કરતાં નિલેશે પોતાની પોલ ખૂલી ગઈ હોવાનું જાણી લીધું હતું અને પાછા આવી જવા કહ્યું હતું. સંદીપભાઈ પોતાના સ્વ-ખર્ચે વાયા દોહા થઈ ૧૯ માર્ચ-૨૦૨૪ના રોજ મુંબઈ અને ત્યાંથી સુરત પરત ફર્યા હતા. કુલ ટિકિટ, વિઝા ફી અને એજન્ટના ખર્ચ મળી કુલ રૂ.૪,૬૩,૫૦૦નું નુકસાન થયું હતું. સુરત આવીને પૈસા માંગતા નિલેશે ગૂગલ-પેથી ટુકડે-ટુકડે રૂ.૧,૮૦,૦૦૦ પરત આપ્યા હતા, પરંતુ બાકી નીકળતા રૂ.૨,૮૩,૫૦૦ આપવાના વાયદા કરી છેતરપિંડી આચરી હતી.

### વેપારીઓના...

છે. કરોડો રૂપિયાનું ટર્નઓવર ધરાવતા વેપારીઓએ જીએસટી વિભાગની આઈટી (IT) સુરક્ષા સામે મોટા સવાલો ઉઠાવ્યા છે. વેપારી સંગઠનોનું કહેવું છે કે સરકાર ડિજિટલાઈઝેશન પર ભાર મૂકે છે, પણ ડેટા પ્રોટેક્શનમાં નિષ્ફળ રહી છે. ડેટા લીક થવા પાછળ વિભાગના જ કોઈ આંતરિક કર્મચારીઓ કે એજન્સીની મિલીભગત હોવાની આશંકા છે. જો આ બાબતે તાત્કાલિક પગલાં લેવામાં નહીં આવે તો વેપારીઓનો સરકારી સિસ્ટમ પરથી વિશ્વાસ ઉઠી જશે. આ ગંભીર આક્ષેપો બાદ ધ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એસોસિએશન સુરત (CAAS) દ્વારા નાણામંત્રાલય અને જીએસટી કાઉન્સિલને રજૂઆત કરવામાં આવી છે. આ મામલે સાયબર ક્રાઈમ બ્રાન્ચ અથવા કોઈ ઉચ્ચ એજન્સી દ્વારા 'ફોરેન્સિક ઓડિટ' કરાવવાની માંગ કરી છે. તેમજ આ ગંભીર સમસ્યાના કાયમી ઉકેલ માટે 'ધ ક્યોર, પાર્ટ વનઃ એ ડેટાબેઝ મસ્ટ રિમેમ્બર વુ ટચ્ડ ઈટ' નામના અહેવાલમાં સરકારને કેટલાક ક્રાંતિકારી અને કડક પગલાં લેવાની ભલામણ કરવામાં આવી છે. બીજી તરફ, જીએસટી વિભાગના સત્તાવાર સૂત્રો આ બાબતે હજુ મૌન સેવી રહ્યા છે, પરંતુ આંતરિક સ્તરે સિસ્ટમની ચકાસણી શરૂ કરાઈ હોવાનું જાણવા મળ્યું છે.

### સચિનમાં...

લગાડી સાવિત્રીએ ગઈકાલે બપોરે ઘરે રૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ બનાવ અંગે વધુ આગળની તપાસ સચિન જીઆઇડીસી પોલીસ કરી રહી છે.

## DGVCL દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ

CIN U40102GJ2003SGC042909
વલસાડ શહેરી વિભાગીય કચેરી
કન્ટ્રી ક્લબ રિસોર્ટ,વશીયર વેલી સામે, પો.-વશીયર વલસાડ -૩૯૬૦૦૭.
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં.૧૯૧૨૩(કે ૧૮૦૦ ૨૩૩ 3003)

**વીજ પુરવઠો બંધ રહેવા અંગેની સુચના**

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ તારીખોનાં રોજ અગત્યનું સમારકામ હોવાથી વિદ્યુત પુરવઠો બંધ રહેશે. જેની નોંધ લેવા વિનંતી છે.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટ સેન્ટર નં. | તારીખ/વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી. ગુંદલાવ | ૧૧ કે.વી. ડેમોશા | વલસાડ ઇન્ડસ્ટ્રીયલ | (૦૨૬૩૨) ૨૩૬૬૦૦ | ૧૫.૦૬.૨૦૨૬ (સોમવાર) | ૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૨ | ૬૬ કે.વી. વલસાડ સિટી | ૧૧ કે.વી. સેગવી | કોસ્ટલ | (૦૨૬૩૨) ૨૪૪૧૫૭ | ૧૬.૦૬.૨૦૨૬ (મંગળવાર) | ૧૦:૦૦ થી ૧૩:૦૦ |

નોંધ : સમારકામ પૂર્ણ થયેથી કોઈ પણ પ્રકારની પૂર્વ સૂચના આપ્યા સિવાય વીજ પ્રવાહ ચાલુ કરવામાં આવશે.

કાર્યપાલક ઈજનેર (સં. અને નિ.), વલસાડ (શહેરી) વિભાગીય કચેરી, દ.ગુ.વી.કં.લિ.

એમ.સી.બી./ ઈ.એલ.સી.બી/ આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.

## DGVCL દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ DGVCL

CIN U40102GJ2003SGC042909
સુરત ગ્રામ્ય વિભાગીયકચેરી
ઊર્જાસદનનીસામે, નાનાવરાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, સુરત ૩૯૫૦૦૬
ડીજીવીસીએલટોલફ્રીનં. ૧૯૧૨૩(કે૧૮૦૦૨૩૩3003)

**વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત**

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે અગત્યની સમારકામગીરીનાં કારણે નીચે જણાવેલ ફીડરપરથી નીચે જણાવેલ તારીખ અને સમયે વિજ પુરવઠો મળી શકશે નહિ. કામગીરી પૂર્ણ થયે કોઈપણજાતની જાણ કર્યા વગર વિજપુરવઠો ચાલુ કરી દેવામાં આવશે. જેની નોંધ લઈ સહકાર આપવા વિનંતી.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટ સેન્ટર નં. | તારીખ/ વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬કે.વી.કોસમાડા | ૧૧ કે.વી. નિધિ | સારોલી | ૮૯૮૦૮૦૩૮૫૦ | ૧૭.૦૬.૨૬/ બુધવાર | ૦૯.૦૦થી ૧૭.૦૦ |
| ૨ | ૬૬ કે.વી.કોસમાડા | ૧૧ કે.વી.સણીયાહેમદ | સારોલી | ૮૯૮૦૮૦૩૮૫૦ | ૧૭.૦૬.૨૬/ બુધવાર/ | ૦૯.૦૦થી ૧૩.૦૦ |
| ૩ | ૬૬ કે.વી.કોસમાડા | ૧૧કે.વી.નેચરવેલી | સારોલી | ૮૯૮૦૮૦૩૮૫૦ | ૧૭.૦૬.૨૬/ બુધવાર | ૦૯.૦૦થી ૧૭.૦૦ |
| ૪ | ૬૬ કે.વી.કોસમાડા | ૧૧કે.વી. વેડછા | સારોલી | ૮૯૮૦૮૦૩૮૫૦ | ૧૭.૦૬.૨૬/ બુધવાર | ૦૯.૦૦થી ૧૭.૦૦ |
| ૫ | ૬૬ કે.વી. પૂણા | ૨૨ કે.વી. વલ્લભનગર | યોગીચોક | ૮૯૮૦૮૦૩૮૫૨ | ૧૮.૦૬.૨૬/ ગુરુવાર | ૦૯.૦૦થી ૧૩.૦૦ |
| ૬ | ૬૬ કે.વી. સરથાણા | ૨૨ કે.વી. તુલસીશ્યામ | સીમાડા | ૬૩૫૭૨૩૧૪૩૦ | ૧૯.૦૬.૨૬/ શુક્રવાર | ૦૯.૦૦થી ૧૨.૦૦ |

કાર્યપાલકઇજનેર(સં. અને નિ.),સુરત ગ્રામ્ય વિભાગીય કચેરી,દ.ગુ.વી.કં.લિ.

એમ.સી.બી./ઈ.એલ.સી.બી./આર.સી. સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો

## નીચે જણાવેલ સ્થાવર મિલકતોની વિગત

| અ. નં. | કરજદાર / જામીનદાર અને શાખા નું નામ | ૧૩(૨)નોટીસની તારીખ અને રકમ | સ્થાવર મિલકતોની વિગત | પઝેશનની તારીખ અને પ્રકાર | અનામત કિંમત રૂા./ ઈએમડી રૂા./ બીડ ગુણાંકમાં રૂા | અધિકૃત અધિકારીનું નામ અને શાખાનું સંપર્ક નં. |
|---|---|---|---|---|---|---|
| ૮૪. | શ્રી જંયતીભાઈ બચુભાઈ માંગરોલીયા (ભોલાવ શાખા) | રૂા. ૨૦,૮૨,૭૭૫/- તા. ૦૬.૦૯.૨૦૧૮ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે મિલકતનો પ્લોટ નં. ૮૭, રામેશ્વરમ બંગલો, બ્લોક નં. ૨૬૯/એ, ગામ–વાલીયા, તાલુકા–વાલિયા, જિ. ભરૂચ ખાતે આવેલ મિલકત. ● ચતુરસીમા : ● પુર્વે : સોસાયટીનો ઈન્ટરનલ રોડ, ● પશ્ચિમે : પ્લોટ નં. ૯૨ થી સંકળાયેલ, ● ઉત્તરે : પ્લોટ નં. ૮૬ થી સંકળાયેલ, ● દક્ષિણે : પ્લોટ નં. ૮૪ થી સંકળાયેલ | ૧૪.૧૨.૨૦૧૮ પ્રત્યક્ષ કબજો | રૂા. ૧૧,૫૫,૦૦૦/-<br>રૂા. ૧,૧૫,૫૦૦/-<br>રૂા. ૧૦,૦૦૦/- | ગુંજન ગટાણી ચીફ મેનેજર, રીજનલ ઓફિસ, સુરત (મો) :+૯૧-૮૨૩૯૪૫૨૫૪૮ |
| ૮૫ | શ્રી કિશોર નારણભાઈ ધામેલીયા (ભોલાવ શાખા) | રૂા. ૨૧,૩૫,૦૦૯/- તા. ૧૪.૧૨.૨૦૧૭ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે મિલકતનો પ્લોટ નં. ૧૩૪, રામેશ્વરમ બંગલો, બ્લોક નં. ૨૬૯/એ, ગામ–વાલીયા, તાલુકા–વાલિયા, જિ. ભરૂચ ખાતે આવેલ મિલકત. ● ચતુરસીમા : ● પુર્વે : પ્લોટ નં. ૧૩૩ થી સંકળાયેલ, ● પશ્ચિમે : બ્લોક નં. ૩૦૦ થી સંકળાયેલ, ● ઉત્તરે : ઈન્ટરનલ રોડ, ● દક્ષિણે : પ્લોટ નં. ૧૩૩ થી સંકળાયેલ | ૧૯.૦૪.૨૦૧૮ પ્રત્યક્ષ કબજો | રૂા. ૧૩,૦૦,૦૦૦/-<br>રૂા. ૧,૩૦,૦૦૦/-<br>રૂા. ૧૦,૦૦૦/- | ગુંજન ગટાણી ચીફ મેનેજર, રીજનલ ઓફિસ, સુરત (મો) :+૯૧-૮૨૩૯૪૫૨૫૪૮ |
| ૮૬ | શ્રીમતી મનીષાબેન સંજયભાઈ સનગાની (ભોલાવ શાખા) | રૂા. ૨૧,૩૯,૬૯૦/- તા. ૧૪.૧૨.૨૦૧૮ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે મિલકતનો પ્લોટ નં. ૧૧૩, રામેશ્વરમ બંગલો, ગામ–વાલીયા, તાલુકા–વાલિયા, જિ. ભરૂચ ખાતે આવેલ મિલકત. ● ચતુરસીમા : ● પુર્વે : પ્લોટ નં. ૯૮, ● પશ્ચિમે : ઈન્ટરનલ રોડ, ● ઉત્તરે : પ્લોટ નં. ૧૧૨, ● દક્ષિણે : પ્લોટ નં. ૨૯૪. | ૨૪.૦૭.૨૦૧૮ પ્રત્યક્ષ કબજો | રૂા. ૧૪,૨૫,૦૦૦/-<br>રૂા. ૧,૪૨,૫૦૦/-<br>રૂા. ૧૦,૦૦૦/- | ગુંજન ગટાણી ચીફ મેનેજર, રીજનલ ઓફિસ, સુરત (મો) :+૯૧-૮૨૩૯૪૫૨૫૪૮ |
| ૮૬ | શ્રી રાહુલભાઈ અરજણભાઈ ઘોરી (ભોલાવ શાખા) | રૂા. ૨૦,૭૪,૦૭૧/- તા. ૨૭.૦૯.૨૦૧૮ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે મિલકતનો પ્લોટ નં. ૧૧૨, રામેશ્વરમ બંગલો, ગામ–વાલીયા, તાલુકા–વાલિયા, જિ. ભરૂચ ખાતે આવેલ મિલકત. ● ચતુરસીમા : ● પુર્વે : પ્લોટ નં. ૯૯, ● પશ્ચિમે : ઈન્ટરનલ રોડ, ● ઉત્તરે : પ્લોટ નં. ૧૧૧, ● દક્ષિણે : પ્લોટ નં. ૧૧૩ | ૨૫.૦૧.૨૦૧૯ પ્રત્યક્ષ કબજો | રૂા. ૧૨,૪૫,૦૦૦/-<br>રૂા. ૧,૨૪,૫૦૦/-<br>રૂા. ૧૦,૦૦૦/- | ગુંજન ગટાણી ચીફ મેનેજર, રીજનલ ઓફિસ, સુરત (મો) :+૯૧-૮૨૩૯૪૫૨૫૪૮ |
| ૮૭ | શ્રી હંસાભાઈ વરઘાજી પ્રજાપતિ (દસ્તુરવાડ શાખા) | રૂા. ૭,૯૬,૪૮૧/- તા. ૦૮.૦૬.૨૦૨૧ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે મિલકતનો ફ્લેટ નં. બી–૩૦૩, ક્ષેત્રફળ ૪૫.૬૬૯ સ્કે.મીટર, ત્રીજો માળ, મલ્ટી સ્ટોરેડ બિલ્ડીંગ હિમાલીયા કોમ્પ્લેક્ષ, નવસારી મ્યુનીસીપલ વોર્ડ નં. ૨, ઘર નં. ૧/૩૦૩ સાથે અવિભાજીત સરખા ભાગની હિસ્સા વાળી જમીનનો ક્ષેત્રફળ ૧૪.૪૦ સ્કે.મીટર, બિલ્ડીંગનો બાંધકામ, નવસારનો આર.એસ. નં. ૬૨૩/૧ પૈકી, સિટી સર્વે નં. ૨૧૧૦ પૈકી, ટી.પી. સ્કીમ નં. ૧, ઓ.પી. નં. ૨૧૮, એફ.પી. નં. ૩૨૪, જમીન શાંતિદેવી રોડ, નવસારી, તાલુક અને જિ. નવસારી ખાતે આવેલ મિલકત. ● ચતુરસીમા : ● પુર્વે : ખુલ્લો આકાશ, ● પશ્ચિમે : ફલેટ નં. ૩૦૧, ● ઉત્તરે : કોમન પેસેજ, ● દક્ષિણે : ખુલ્લો આકાશ. | ૦૮.૦૯.૨૦૨૧ પ્રત્યક્ષ કબજો | રૂા. ૬,૫૨,૦૦૦/-<br>રૂા. ૬૫,૨૦૦/-<br>રૂા. ૧૦,૦૦૦/- | ગુંજન ગટાણી ચીફ મેનેજર, રીજનલ ઓફિસ, સુરત (મો) :+૯૧-૮૨૩૯૪૫૨૫૪૮ |
| ૮૮ | શ્રી વિકીભાઈ ગજાનંદભાઈ નાયકા (દસ્તુરવાડ શાખા) | રૂા. ૧૨,૦૩,૬૫૬/- તા. ૦૭.૦૫.૨૦૧૯ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે મિલકતનો ગામ–મરોલી, રેવન્યુ સર્વે નં. ૬૯૩, બ્લોક નં. ૫૮૯, ક્ષેત્રફળ ૭૮૯૧ સ્કે. મીટર પૈકી બિન ખેતીલાયક પ્લોટ નં. ૩૨, ક્ષેત્રફળ ૭૫.૧૩ સ્કે.મીટર, જે સાંઈ બંગલો, મરોલી, તાલુકા–જલાલપોર, જિ. નવસારી ખાતે આવેલ મિલકત. ● ચતુરસીમા : ● પુર્વે : પ્લોટ નં. ૧૯ થી સંકળાયેલ, ● પશ્ચિમે : સોસાયટીના રોડ થી સંકળાયેલ, ● ઉત્તરે : પ્લોટ નં. ૩૩ થી સંકળાયેલ, ● દક્ષિણે : પ્લોટ નં. ૩૧ થી સંકળાયેલ. | ૦૩.૦૮.૨૦૧૯ પ્રત્યક્ષ કબજો | રૂા. ૧૨,૩૬,૦૦૦/-<br>રૂા. ૧,૨૩,૬૦૦/-<br>રૂા. ૧૦,૦૦૦/- | ગુંજન ગટાણી ચીફ મેનેજર, રીજનલ ઓફિસ, સુરત (મો) :+૯૧-૮૨૩૯૪૫૨૫૪૮ |
| ૮૯ | શ્રી કિશ્વરજાહાન કલમ ખાન (વાપી શાખા) | રૂા. ૨૬,૩૦,૯૬૨.૨૫ તા. ૦૪.૦૬.૨૦૨૧ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે મિલકતનો ફલેટ નં. સી–૪૦૮, ક્ષેત્રફળ ૧૩૫૦ સ્કે. ફીટ, ચોથો માળ, બિલ્ડીંગ–સી, નાઝ પાર્ક પ્રીમાઈસીસ થી જાણીતી, બાંધકામ વાળી બિન ખેતીલાયક જમીનનો પ્લોટ નં. ૭ થી ૨૦, અ.નં. ૩૩૭, ગામ–કરવાડ, તહેસીલ–વાપી, જિ. વલસાડ ખાતે ખાતે આવેલ મિલકત. કુલ એરીયા ૨૫૦.૯૨ સ્કે.મીટર ● ચતુરસીમા : ● પુર્વે : ઈન્ટરનલ રોડ, ● પશ્ચિમે : ફ્લેટ નં. ૪૦૭, ● ઉત્તરે : ઈન્ટરનલ રોડ, ● દક્ષિણે : પેસેજ. | ૧૯.૦૧.૨૦૨૨ પ્રત્યક્ષ કબજો | રૂા. ૧૩,૩૬,૫૦૦/-<br>રૂા. ૧,૩૩,૬૫૦/-<br>રૂા. ૧૦,૦૦૦/- | ગુંજન ગટાણી ચીફ મેનેજર, રીજનલ ઓફિસ, સુરત (મો) :+૯૧-૮૨૩૯૪૫૨૫૪૮ |

**નિરીક્ષણની તારીખ અને સમય : તા. ૨૩.૦૬.૨૦૨૬ બપોરે ૧૨.૦૦ થી ૩.૦૦ કલાકે**
**ઈ-હરાજીની તારીખ અને સમય : ૨૯.૦૬.૨૦૨૬ બપોરે ૧૨.૦૦ થી ૪.૦૦ કલાકે**
**(બંધ કરતા પહેલા ૧૦ મિનિટનું ઓટો એક્સ્ટેન્શન સાથે)**

- મિલકત પરના કરભાણની બેંકને ખબર હોય તેવી વિગત : ખબર નથી.
- ઈ-હરાજી વેચાણમાં ભાગ લેવા માટે, ઈચ્છુક બીડરોએ પોતાની વિગતો સર્વિસ પ્રોવાઈડર : https://baanknet.com ને વહેલી તકે રજીસ્ટર કરાવી યુઝર આઈડી અને પાસવર્ડ મેળવી લેવા. બીડરો https://baanknet.com ની મુલાકાત લે જ્યાં બીડરો માટે શૈક્ષણિક વિડયો સાથે ગાઈડલાઈન્સ ઉપલબ્ધ છે. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે મહેરબાની કરીને બેંકની વેબસાઈટ : www.centralbankofindia.co.in પર આપેલ લિંક જુઓ.
- વધુ જાણકારી માટે -સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, રીજનલ ઓફિસ, સુરત , શ્રી ગુંજન ગટાણી (ચીફ મેનેજર) મો. :+૯૧- ૮૨૩૯૪૫૨૫૪૮નો સંપર્ક કરી શકશો.
- વેચાણની શરતો અને નિયમો સિકયોરીટી ઈન્ટરેસ્ટ નિયમો (એન્ફોર્સમેન્ટ), નિયમો ૨૦૦૨ની જોગવાઈઓ મુજબની જ રહેશે.

**સરફેસી કાયદા ૮(૬), ૨૦૦૨ અંતર્ગત ૧૫ દિવસની નોટીસ**

સુરક્ષિત લેણદારોની બાકી રકમની વસૂલાત તરફથી સ્થાવર મિલકતોના વેચાણ માટે ઉધારકર્તા/જામીનદારો/ ગિરવેદારોને સૂચિત કરવામાં આવે છે.

તારીખ : ૧૩.૦૬.૨૦૨૬
સ્થળ : સુરત
(વિવાદીત સ્થિતી માં અંગ્રેજી માન્ય ગણાશે.)
સહી/-
અધિકૃત અધિકારી, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા

## સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા / सेन्ट्रल बैंक ऑफ इंडिया / Central Bank of India

ઘોડ દોડ રોડ શાખા : હરમૈન ગાર્ડન એપાર્ટમેન્ટ, મ્યુનિસિપલ સ્કુલની પાછળ, સુરત– ૩૯૫૦૦૭. ● ફોન : ૦૨૬૧-૨૨૫૯૮૫૨ ● મો. : ૭૫૬૭૮૮૩૮૭૧

**જંગમ મિલકતો (મશીનરી)ની વેચાણ માટેની ઈ-હરાજી કમ વેચાણ નોટીસ**

આથી જાહેર જનતાને ખાસ કરીને કરજદાર(ઓ) અને જામીનદારને સૂચના આપવામાં આવે છે કે અહીં નીચે દર્શાવેલ જંગમ મિલકતો (મશીનરી) સુરક્ષિત કરજદાર ગિરવે/ચાર્જ કરવામાં આવેલ છે. જેનો પ્રત્યક્ષ કબજો સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના અધિકૃત અધિકારી (સિકયોર્ડ લેણદાર) દ્વારા લેવામાં આવ્યો છે. તા. ૨૯.૦૬.૨૦૨૬ના રોજ ઓનલાઈન વેબ પોર્ટલ : https://baanknet.com, જે "જેમ છે જયાં છે તેના આધારે", "જેમ છે જે છે તેના આધારે" અને "જે કંઈ છે તેના આધારે" ના આધારે વેચાવામાં આવશે. જેથી નીચે જણાવેલ કરજદાર અને જામીનદાર પાસે થી સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, સિકયોર્ડ લેણદારને બાકી રહેતી રકમની વસૂલી કરી શકાય. અનામત કિંમત અને ઈએમડી અને અન્ય વિગતો નીચે મુજબ છે. વેચાણ વિગતવાર નિયમો અને શરતો માટે કૃપા કરીને સુરક્ષિત લેણદારની વેબસાઈટ : www.centralbankofindia.co.in. માં આપેલી સંદર્ભ લો.

રસ ધરાવતા પ્રસ્તાવકારે ઈ–હરાજી પૂર્ણ થાય તે પહેલાં BAANKNET માં પ્રી–બિડ ઈએમડી જમા કરાવી શકે છે. ઈ–હરાજી માટે વેબસાઈટમાં આવી માહિતી અપડેટ કર્યા પછી જ પ્રસ્તાવકારેને પ્રી–બીડ ઈએમડીની કેડિટ આપવામાં આવશે. બેંકિંગ પ્રક્રિયા મુજબ આમાં થોડો સમય લાગી શકે છે અને તેથી બોલી લગાવનારાઓને તેમના પોતના હિતમાં, કોઈપણ છેલ્લી સમયની સમસ્યા ટાળવા માટે પ્રી–બીડ ઈએમડી રકમ અગાઉથી સબમિટ કરવાની સલાહ આપવામાં આવે છે.

| અ. નં. | કરજદાર/ જામીનદારનું નામ | નોટીસની રકમ અને તારીખ | જંગમ મિલકતોની વિગત | પઝેશની તારીખ અને પ્રકાર | અનામત કિંમત રૂા./ ઈએમડી રૂા./ બીડ ગુણાંકમાં રૂા | અન્ય બોજો | મુલાકાતની તારીખ અને સંપર્ક વ્યક્તિની વિગત |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | મે. ભાવેશ ટેક્ષટાઈલના ભાગીદારો – શ્રી ભાવેશ કુમાર ગિરધરભાઈ રાણપરીયા અને શ્રીમતી ચેતના જીતેન્દ્રકુમાર સોલંકી | રૂા. ૭૯,૮૨,૭૮૫.૪૭ તા. ૦૧.૦૯.૨૦૨૫ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | કોમ્પ્યુટરાઈઝડ ભરતકામ મશીનના ૨ સેટ, – ૧૨૨૩, ક્ષેત્રફળ ૪૦૦ X ૯૦૦ X ૧૫૦૦, ૧૨ રંગ અને ૨૩ હેડ, ટ્રીન સિકવન્સ સાથે, કોડિંગ ડિવાઈસ સાથે, ટ્રીમર સાથે બધા સ્ટાન્ડર્ડ ભાગો અને એસેસરીઝ સાથે. | ૨૬.૧૧.૨૦૨૫ પ્રત્યક્ષ કબજો | રૂા. ૩૫,૭૦,૦૦૦/-<br>રૂા. 3,૫૭,૦૦૦/-<br>રૂા. ૧૦,૦૦૦/- | જાણમાં નથી | ૨૨.૦૬.૨૦૨૬ શ્રી મુકેશ કચ્છવાહ ચીફ મેનેજર મો. ૭૫૬૭૮૮૩૮૭૧ |
| ૨. | મે. ઝાખી ટેક્ષટાઈલના ભાગીદારો – શ્રી નિકુંજકુમાર વલ્લભભાઈ દુધાત્રા અને શ્રી રાજેશભાઈ ગાંગજીભાઈ કોટચાવાલીયા | રૂા. ૭૭,૧૪,૩૬૭.૮૬ તા. ૧૯.૧૧.૨૦૨૫ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | કોમ્પ્યુટરાઈઝડ ભરતકામ મશીનના ૨ સેટ, ૧૨૨૩ – ૪૦૦ X ૯૦૦ X ૧૫૦૦, ૧૨ સોય અને ૨૩ હેડ, સ્ટાન્ડર્ડ સ્પેરપાર્ટસ અને એસેસરીઝ સાથે અને ટ્રીન સિકવન્સ સાથે કોડિંગ. | ૨૬.૧૧.૨૦૨૫ પ્રત્યક્ષ કબજો | રૂા. ૩૫,૭૦,૦૦૦/-<br>રૂા. 3,૫૭,૦૦૦/-<br>રૂા. ૧૦,૦૦૦/- | જાણમાં નથી | ૨૨.૦૬.૨૦૨૬ શ્રી મુકેશ કચ્છવાહ ચીફ મેનેજર મો. ૭૫૬૭૮૮૩૮૭૧ |
| ૩. | મે. પુરી ટેક્ષટાઈલના ભાગીદારો – શ્રી નિકુંજકુમાર વલ્લભભાઈ દુધાત્રા અને શ્રી ધર્મેશકુમાર વલ્લભભાઈ હલપતી | રૂા. ૭૮,૮૪,૧૯૩.૭૪ તા. ૨૦.૧૨.૨૦૨૫ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | કોમ્પ્યુટરાઈઝડ ભરતકામ મશીનના ૨ સેટ, ૧૨ સોય, ૨૩હેડ, સ્ટાન્ડર્ડ સ્પેરપાર્ટસ અને એસેસરીઝ સાથે અને ટ્રીન સિકવન્સ સાથે, ૪૦૦ X ૯૫૦ X૧૫૦૦ કોડિંગ | ૨૬.૧૧.૨૦૨૫ પ્રત્યક્ષ કબજો | રૂા. ૩૫,૭૦,૦૦૦/-<br>રૂા. 3,૫૭,૦૦૦/-<br>રૂા. ૧૦,૦૦૦/- | જાણમાં નથી | ૨૨.૦૬.૨૦૨૬ શ્રી મુકેશ કચ્છવાહ ચીફ મેનેજર મો. ૭૫૬૭૮૮૩૮૭૧ |

- ઈ–હરાજી વેચાણમાં ભાગ લેવા માટે, ઈચ્છુક બીડરોએ પોતાની વિગતો સર્વિસ પ્રોવાઈડર : https://baanknet.com ને વહેલી તકે રજીસ્ટર કરાવી યુઝર આઈડી અને પાસવર્ડ મેળવી લેવા. બીડરો https://baanknet.com ની મુલાકાત લે જ્યાં બીડરો માટે શૈક્ષણિક વિડયો સાથે ગાઈડલાઈન્સ ઉપલબ્ધ છે. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે મહેરબાની કરીને બેંકની વેબસાઈટ : www.centralbankofindia.co.in પર આપેલ લિંક જુઓ.
- બિડરે વેબસાઈટ : https://baanknet.com પર નોંધણી કરાવશે અને KYC દસ્તાવેજો અપલોડ કરશે અને સેવા પ્રોવાઈડર KYC દ્વારા દસ્તાવેજોનો ચકાસણી કર્યા પછી EMD NEFT/ ટ્રાન્સફર દ્વારા ગ્લોબલ ઈએમડી વોલેટમાં જમા કરાવવામાં આવશે. (https://baanknet.com પર થી ચલણ માટે જનરેટ કર્યા પછી)
- હરાજીના અંતે વેચાણ મંજૂર થતા સફળ બોલીકારે / ખરીદરનારે બોલીની રકમના ૨૫% (પહેલા થી ચુકવેલ ઈએમડી રકમ સમાયોજીત) રકમ તાત્કાલિક જમા કરાવવાની રહેશે અને બાકીની રકમ વેચાણ સંપન્ના થયાની તારીખ થી ૧૫ દિવસમાં જમા કરાવવાની રહેશે, જેમાં નિષ્ફળ નિવડયેથી પ્રસ્તાવકારોએ અગાઉ રકમ જમા કરાવેલી અનામત રકમ જપ્ત કરવામાં આવશે અને આ માટે કોઈપણ જાણ કરાશે નહી અને વેચાણ રદ થઈ જશે.
- શાખા પ્રબંધકને મળેલી કોઈપણ/બધી જ દરખાસ્તો કોઈપણ કારણ આપ્યા વિના નકારવાનો પોતાનો અધિકાર અબાધિત રાખે છે.
- મિલકત પરના તમામ કોઈપણ વ્યક્તિના કારાણે તમામ વૈધાનિક લેણાં, કર દર, આકારણી ચાર્જ ફી વિગેરે બોલીકર્તાએ ભોગવવાના રહેશે.
- વધુ જાણકારી માટે – સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, રીજનલ ઓફિસ, સુરત , શ્રી ગુંજન ગટાણી (ચીફ મેનેજર) મો. :+૯૧- ૮૨૩૯૪૫૨૫૪૮ અતવા સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, ઘોડ દોડ રોડ શાખા, સુરત, શ્રી મુકેશ કચ્છવાહ - ચીફ મેનેજર (મો) : +૯૧-૭૫૬૭૮ ૮૩૮૭૧ નો સંપર્ક કરી શકશો.

**સ્થાવર મિલકત (મશીનરી)ના વેચાણ માટે કાનૂની ૧૫ દિવસની વેચાણ નોટીસ**

તારીખ : ૧૩.૦૬.૨૦૨૬
સ્થળ : સુરત
(વિવાદીત સ્થિતીમાં અંગ્રેજી માન્ય રહેશે)
સહી/-
અધિકૃત અધિકારી, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા